<u>પ્રસ્તાવના</u> :-

ક્ષણની વેગવંતી ગતિને આધિન સાહિત્યના વટવૃક્ષને અનેક લતાઓમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સમાજની વિશિષ્ટ છાપ સાહિત્યમાં અંકિત થાય જ છે, પરંતુ સમાજની આરપાર જોઈ શકાય એવી છબિ સાંપ્રત ક્ષણાર્ઘ અનુસાર કંડારેલ નિહાળવા મળે છે. દુનિયામાં વૈજ્ઞાનિક શોધોને કારણે થઈ રહેલ માનવીય આમૂલ પરિવર્તનની છબિ સાહિત્યમાં પણ નજરે ચઢે છે. માનવીના આબોહવાજન્ય રહેણી-કરણીને ધ્યાનમાં રાખી સર્જાતા નીત-નવા પારિવારિક વ્યવહારો સામાજિક દષ્ટિએ નિહાળવા મળે છે. સાહિત્ય એ માનવીય આંતરિક આચાર-વિચારનું પારા સમાન દર્પણ છે. હાલના જીવનમાં રચ્યો-પચ્યો રહેતો માનવી કૌટુંમ્બિક પરંપરા અનુસાર ઈર્ષ્યા, ખેદ, ગમગીની, હતાશા, નિરાશા, સુખ-દુઃખ, ત્રાસ, વેર-ઝેર અને વિષાદની ગર્તામાં ધકેલાયેલો જોઈ શકાય છે. વૈચારિક સમસ્યાનો અંત આણવા પગલા ભરનાર માનવીની પારિવારિક મુશ્કેલીનો શું ઉકેલ મળી શકયો છે ? ઉતરમાં માત્ર નકારાત્મકતા જ સાંપડશે. વિશ્વના દેશો વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાનો સંદેશ છેવાડાના વિસ્તારમાં જીવંત માનવી સુધી પહોંચે તેવી અપેક્ષા સેવે છે, તે કેટલા અંશે સફળ થાય છે ? આ સર્વ હકીકતનો પ્રકાશ સાંપ્રત સાહિત્યમાં છવાયેલ જોઈ શકીએ છીએ. સમયને અનુસરતા ગુજરાતી સાહિત્યના અનેક સ્વરૂપોમાં અવનવા સર્જનો થતા રહે છે, જેમાં "દલિત સાહિત્ય" નો આગવો પ્રભાવ પડે છે. સાહિત્યના અનેક પ્રકારોમાં નવલકથા, નવલિકા, નાટક, રેખાચિત્રો, જીવનચરિત્રો, આત્મચરિત્રો, નિબંધો, વિવેચન, સંશોધન, સંપાદન વગેરે માનવીય વિચારણાને કેન્દ્રમાં રાખી સર્જન થતું નિહાળી શકીએ છીએ.

ગુજરાતી દલિત સાહિત્યમાં, દલિતોના મનોવિશ્વના આંતરિક ઉંડાણને માપવા સર્જકોની સફળતા પ્રશંસાને પાત્ર છે. ડૉ. પ્રવિણ દરજી "નવલકથા સ્વરૂપ" માં કહે છે કે, "નવલકથા માહિતીનો કોથળો નથી, નિહાળેલી ઘટનાનું છાપાવાળું બયાન નથી,

બનાવો, પ્રસંગો, પાત્રો, તેમના વાણી-વર્તન, વાતાવરણ એ બધા તત્વોને કોઈ એક ભૂમિકાએ ભાષા વડે આકારબધ્ધ કરવાના છે." આ વિધાનોને ધ્યાનમાં રાખી દલિત ગુજરાતી નવલકથાઓ દલિત સામાજિક જીવનને મુખરિત કરે છે. પૂર્વકાળે થઈ ગયેલા દલિત સર્જકો જ નહિ, દલિતેતર સાહિત્યકારોની ગુજરાતી દલિત સાહિત્યમાં દલિતોના આંતરિક જીવનનો ચિતાર દલિત સર્જનના દરેક સ્વરૂપોમાં મળે છે. દલિત જીવનને કેન્દ્રમાં રાખી નિરૂપાયેલી નવલકથા વિષયક અભ્યાસ કરવાનો હેતુ રહયો છે. જેના સંશોધનમાં "પ્રિયતમા" ભાગ-૧-૨, "નેળિયું" (મોહન પરમાર), "ભળભાખળું" (દલપત ચૌહાણ), "ઈચ્છાવર" (રઘુવીર ચૌધરી), "મશારી" (કિશોરસિંહ સોલંકી), "તિરાડ" અને "ચોકી" (હરીશ મંગલમ્), "શોષ" (દક્ષા દામોદરા) તથા "આંગળિયાત" (જોસેફ મેકવાન) ની ગુજરાતી દલિત નવલકથાની પાત્રસૃષ્ટિના સંદર્ભે નવલકથાના ઘટકતત્વોના સંદર્ભે ચકાસવાનો ઉપક્રમ છે.

પ્રસ્તુત મહાનિબંધને નીચે મુજબના પ્રકરણોમાં વિભાજિત કર્યો છે ;

પ્રકરણ :-૧: નવલકથા સ્વરૂપ - નવલકથાના ઘટકતત્વો

પ્રકરણ :-૨: નવલકથામાં પાત્રાલેખન (પાત્રાલેખનના પ્રકારો)

પ્રકરણ :-૩: દલિત સાહિત્યની વિભાવના અને સમજૂતી

પ્રકરણ :-૪: દલિત ગુજરાતી નવલકથાઓના મુખ્ય સ્ત્રીપાત્રો

પ્રકરણ :-૫: દલિત ગુજરાતી નવલકથાઓમાં મુખ્ય પુરૂષપાત્રો

પ્રકરણ :-૬: દલિત ગુજરાતી નવલકથાઓના ગૌણપાત્રો

પ્રકરણ :-૭: દલિત ગુજરાતી નવલકથાઓમાં પાત્રોનું નિરૂપણ-
સામ્ય-ભેદ અને આલોચના

પ્રકરણ સંક્ષિપ્તિ

પ્રકરણ-૧

નવલકથા સ્વરૂપ - નવલકથાના ઘટકતત્વો

પ્રસ્તુત પ્રકરણમાં નવલકથાની સાહિત્યિક મીમાંસકોએ આપેલી વ્યાખ્યાઓ દર્શાવી, વિવિધ ઘટકતત્વોની વિસ્તૃત ચર્ચા કરવાનો હેતુ સેવ્યો છે. નવલકથાના અંગો જેવા કે, કથાવસ્તુ ગૂંફન, પાત્રચિત્રણ, સંવાદકલા, વાતાવરણ, જીવનદર્શન અને ભાષાશૈલી (કથન, વર્ણન અને સંવાદ) ની ચર્ચા-વિચારણા કરી છે. સર્જન નવલકથાના સર્વ સ્વરૂપોને ધ્યાનમાં રાખી લેખનકાર્ય કરી, વાચકના હૃદયમાં સ્થાન મેળવી શકે છે. દરેક અંગો સાંકળની માફક તાણા-વાણાની જેમ સંકળાયેલ છે. એક સિક્કાની બે બાજુની જેમ એકમેકને અળગા કરીએ તો બધું વેરવિખેર થઈ જાય, માટે જ નવલકથાકાર બધી જ દષ્ટિએ વિચાર કરી, રજૂઆત કરી સફળતા પ્રાપ્ત કરે છે તેમાં શંકાને સ્થાન નથી. શારીરિક અંગો વગર શરીરની રચના ન થાય તેમ ઘટકતત્વો વગરની નવલકથાની કલ્પના કરી શકાય નહિ એ દષ્ટિએ સુક્ષ્મ નિરીક્ષણ કરવાનું લક્ષ્ય સેવ્યું છે.

પ્રકરણ-૨

નવલકથામાં પાત્રાલેખન (પાત્રાલેખનના પ્રકારો)

પાત્રો ધ્વારા નવલકથાનું કથાવસ્તુ વાચકના મન અને હૃદય સુધી વિસ્તરે છે, તે પાત્રો સજીવન જ નહિ, નિર્જીવ વસ્તુના સ્વરૂપેના સંદર્ભમાં ચકાસણી કરવાનો પ્રયાસ છે. ડૉ. પ્રવિણ દરજીના શબ્દોમાં "જીવંત પાત્ર તો તે છે જે ભાવકને પોતાનામાં તંતોતંત સંડોવે, ભાવકને પળેપળ જીવતો રાખે." સમાજના સામાન્ય વર્ગમાં જીવતા માનવીના આંતરિક મનોજગતને પ્રસંગાધિન મોકળેમને ખુલ્લું મૂકી દે તે પાત્ર-ચિત્રણકળા. નદીના ઘસમસતા પ્રવાહની માફક કયારેક વળાંક લેતા પાત્રો ભાવકોને જકડી રાખે છે, તો કયારેક સતત ગતિમાન બની શ્વસે છે. ઘટના સ્વરૂપની સંગાથે

સંકળાયેલ પાત્રો નવલકથાને જીવંત બનાવે છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પાત્રોની સામાજિક વિશેષતા-લાક્ષણિકતા અને મર્યાદાની છણાવટ કરી છે.

પાત્રાલેખનના મુખ્યપાત્રો અને ગૌણપાત્ર એવા બે ભાગ પડે છે. જે નવલકથાના પરિવેશની દષ્ટિએ રજુ કર્યા છે. મુખ્યપાત્રોના નાયક-નાયિકા અને ઉપનાયક- ઉપનાયિકાનો સમાવેશ થાય, તો ગૌણપાત્રોમાં વાર્તારસને ટકાવી રાખવા સહાયરૂપ થતાં અન્યપાત્રોનો સમાવેશ થાય છે. બંને પાત્રોને ધ્યાનમાં રાખી પાત્રચિત્રણની કળા સર્જકની દષ્ટિએ કેવી અને કેટલી મહતા ધરાવે છે, તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રકરણ-૩

દલિત સાહિત્યની વિભાવના અને સમજૂતી

'દલિત' શબ્દની ઉત્પતિ તેમજ વિવિધ જોડણીકોશમાં મળતા 'દલિત' શબ્દના વિવિધ અર્થો, પ્રથમ 'દલિત' શબ્દની રજુઆતને વિવિધ વ્યાખ્યાઓમાં આપવાનો યત્ન છે, સાથે દલિત સાહિત્યની વિભાવના, તેને પ્રેરનારાં પરિબળો, દલિત સાહિત્યના વિવિધ સ્વરૂપોની છણાવટ કરી છે.

'દલિત' એટલે 'વિનાશ કરેલો', 'વિનાશ પામેલો', 'ખંડિત કરેલો' વિવિધ અર્થો સાંપડે છે, તો 'દલિત' મનુષ્યના જીવનનું દલિત લેખકો ધ્વારા આલેખાયેલું ચિત્રણ એટલે 'દલિત સાહિત્ય.' જેવી વ્યાખ્યા રજુ કરી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર, મહાત્મા જયોતિબા ફૂલે જેવા ધુરંધરોના શબ્દોમાં દલિત અને દલિત સાહિત્ય વિષયક ચર્ચા-વિચારણા આપવાનો ઉપક્રમ સેવ્યો છે. ગુજરાતી દલિત કવિતા, નવલિકા, નવલકથા,

વિવેચન, નાટક વગેરેને ધ્યાનમાં રાખી વિસ્તુત માહિતી આપવાનો યત્ન રહયો છે.

પ્રકરણ-૪

દલિત ગુજરાતી નવલકથાઓમાં મુખ્ય સ્ત્રીપાત્રો

ગુજરાતી દલિત નવલકથાઓ જેવી કે, "પ્રિયતમા" ભાગ-૧-૨, "નેળિયું" (મોહન પરમાર), "ભળભાખળું" (દલપત ચૌહાણ), "ઈચ્છાવર" (રઘુવીર ચૌધરી), "મશારી" (કિશોરસિંહ સોલંકી), "તિરાડ" અને "ચોકી" (હરીશ મંગલમ્), "શોષ" (દક્ષા દામોદરા) તથા "આંગળિયાત" (જોસેફ મેકવાન) ઈત્યાદિમાં મુખ્ય સ્ત્રીપાત્રોની વિશેષતા-મર્યાદાની ચકાસણી કરી છે. દલિત સ્ત્રીઓ સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, સતત સંઘર્ષોની વચ્ચે સામાજિક ઈર્ષ્યા, વેરઝેર, તિરસ્કાર, ઘૃણા, ધિક્કારની વચ્ચે ઝઝુમે છે એટલું જ નહિ, નખશિખ પ્રગતિ સાધવાના પ્રયત્નોમાં મુશ્કેલીમાંથી માર્ગ કાઢી વિજય મેળવ્યાનો આનંદ અનુભવતી નિહાળવા મળે, તો આંતરિક સંઘર્ષના કારણે માનસિક આઘાતમાં સરી પડે છે, આવી નારીના મનોમંથનને રજૂ કરવાનો યત્ન છે. સામાજિક, કૌટુમ્બિક વ્યવહારમાં નિમ્નસ્થાન મેળવી સુખ પ્રાપ્ત કરીને આનંદ મેળવનારી સ્ત્રીઓ છે, તો કયારેક પુરૂષોની જીદ સ્ત્રીના આંતરજગતને છિન્નભિન્ન કરે છે, ત્યારે દયનીય નારીની સંવેદનાને શબ્દસ્થ કરનાર સર્જકોની નવલકથાના નારીપાત્રોને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે.

પ્રકરણ-૫

દલિત ગુજરાતી નવલકથાઓમાં મુખ્ય પુરૂષપાત્રો

જુદી જુદી ગુજરાતી દલિત નવલકથાઓના મુખ્ય પુરૂષપાત્રોની વિશેષતા-મર્યાદાને ધ્યાનમાં રાખી ચર્ચા કરી છે. "પ્રિયતમા" ભાગ-૧-૨ સર્જક મોહન પરમારે નાયક મનહરના વર્ગ સંઘર્ષનું નિરૂપણ કર્યુ છે, તો "નેળિયું" માં નવલકથાકારે સાહેબની

લાચારીવશ માનસિક સ્થિતિનો ચિતાર આપ્યો છે, હરિજન કોમના હોવાની માત્ર માહિતીથી સામાજિક વ્યવહારમાં તુરંત પરિવર્તન આવ્યાની રજુઆત હૃદયવિદારક રીતે દર્શાવી છે, તો "ભળભાખળું" નવલકથામાં દલપત ચૌહાણે મણિદાદીના પિતા વાલના શૈક્ષણિક સજજતા મેળવવા માટે કરવામાં આવેલ પ્રયત્નોની નિષ્ફળતાને વાગોળી છે. "ઈચ્છાવર" નવલકથામાં રઘુવીર ચૌધરીએ ઉચ્ચવર્ગના મંગળની અશપૃશ્યો માટેની હમદર્દીને, તેમજ નિમ્નવર્ગને સમાજમાં સવર્ણોની સમકક્ષ જ સ્થાન અપાવવા વિશેના અભિપ્રાયને વાચા આપી છે. "મશારી" નવલકથામાં કિશોરસિંહ સોલંકીએ ગોદડભગત, "તિરાડ" માં (હરીશ મંગલમ્) સોમો, ઘનજી (ઉપનાયક), "ચોકી" (હરીશ મંગલમ્) માં અખુસિંહ, "શોષ" (દક્ષા દામોદરા) માં પુરંદર અને "આંગળિયાત" (જોસેફ મેકવાન) માં ટીહા જેવા મુખ્યપાત્રોના જીવનમાં બનતા સામાજિક વ્યવહારિક સંઘષો, મુશ્કેલીઓ અને સમસ્યાને નિરૂપવાનો પ્રયત્ન રહયો છે. છેવાડાના વિસ્તારમાં જીવતો સામાન્ય માનવી સવર્ણોની જોહુકમીનો ભોગ બનવા છતાં સુખ મેળવવા રચ્યો-પચ્યો રહી ખામીઓને દૂર કરવા સધિયારો પ્રયત્ન કરતો રહે છે. આવા પુરૂષોની માનસિક-શારીરિક, સામાજિક અને આર્થિક સ્થિતિને દર્શાવી છે.

પ્રકરણ-૬

દલિત ગુજરાતી નવલકથાઓમાં ગૌણપાત્રો

દલિત ગુજરાતી નવલકથાઓના ગૌણપાત્રો મુખ્યપાત્રની સમસ્યાના ઉકેલમાં પડછે ઉભા રહી મદદરૂપ થતા નિહાળવા મળે છે, વળી ગૌણપાત્રો નવલકથાના કથાવસ્તુને ધસમસતા પ્રવાહની માફક આગળ ધપાવવામાં સહાયરૂપ થાય છે. દા.ત. "પ્રિયતમા" નાયક-નાયિકા સાથે સંકળાયેલ પાત્રો વાલજી-કંકુ વિપરીત સ્થિતિમાં મદદરૂપ થઈ મર્યાદા સ્વીકારી ગૌણપાત્રોને મુખ્યપાત્રોના ગુણોને ઉજાગર કરતાં નિહાળવા મળે છે, તો "ઈચછાવર" નવલકથાના નાયક મંગળને માર્ગદર્શન કરનાર

તીકમની વિશેષતા પ્રગટ થતી જોવા મળે છે, "ભળભાખળું" માં સાહેબને પડછે જીવણભાઈ અને તોરલ સહાયભુત થઈ ગામમાં સચોટ સ્થાન બનાવી આપે છે, "ચોકી" માં અખુસિંહ અને વીરાભગત ચોરમાંથી માહત્મ્યને આધારે મંદિર અને આશ્રમમાં સ્થાન આપી ભગત બનાવી આપવા સુધીની યાત્રા ધ્યાનાકર્ષણ છે, તો "શોષ" માં પુરંદરના પાત્રને પ્રકાશમાં લાવવા રાજેન્દ્ર મકવાણાની વિશેષતાને તુચ્છકારનો ભોગ બનાવવામાં આવે છે, તેમજ "તિરાડ" ના મુખ્યપાત્ર સોમાની લાચારી બળદેવ જેવા બળકટ સવર્ણોની ત્રાસવાદી વૃતિના કારણે વિશેષ બનતી જોઈ શકીએ છીએ. મુખ્યપાત્રોના સાનિધ્યમાં રહેતા ગૌણપાત્રોની ખામીઓ-મર્યાદાઓને દર્શાવી સર્જક કથાવસ્તુને ગતિમાન બનાવે છે. આવા ગૌણપાત્રના આંતરિક સંઘર્ષને દર્શાવવાનો યત્ન કર્યો છે.

દલિત ગુજરાતી નવલકથાઓમાં પાત્રોનું નિરૂપણ-
-સામ્ય-ભેદ અને આલોચના.

દલિત જીવનના ચિતારને તાદશ નિરૂપતા સાહિત્યની અનેક લતાઓ પાંગરતી રહી છે. શોષણ, અત્યાચાર, ત્રાસ, જુલ્મ અને અન્યાયને કેન્દ્રમાં રાખી દલિત પ્રજાજીવનનો અવાજ દલિત સાહિત્ય ધ્વારા સમાજમાં વસતા દરેક માનવી સુધી પહોંચ્યો છે એમ કહી શકાય કે, દલિતોની સાંવેદિક અભિવ્યકિત દલિત સાહિત્યમાં દષ્ટિગોચર થતી નિહાળવા મળે છે. દલિત જીવનના બળકટ અને નરમ વલણ દાખવનારા પાત્રોના મનોગત સંઘર્ષના પરિણામોની ચકાસણી કરી છે.

નવલકથાના ઘટકતત્વોની સંગાથે રહી દલિત સામાજિક પાત્રોના જીવનની મુશ્કેલીઓ-સમસ્યાઓ રજુ કરી છે, તો પાત્રગત આરંભે અને અંતની કથાવસ્તુના વિસ્તાર ઉપર પડતી અસરો દર્શાવી છે. "પ્રિયતમા" ભાગ-૧ (મોહન પરમાર) ના આરંભે જસુમતી અને મનહરના પાત્રોને ધ્યાનમાં રાખી આજુબાજુના પરિવેશ ઉપર થતી

અસરો કે "ઈચ્છાવર" ના પ્રારંભે પાત્રોના મનોમંથનને દર્શાવી સર્જકોએ કથાવસ્તુની માંડણી સચોટ કરી છે. કથાવસ્તુ ભાવકના મનોપ્રદેશમાંથી પસાર થઈ વાચકના મન સુધી વિસ્તરે છે, અંતમાં ભાવક પાત્રોની સાથે બનેલી ઘટનાની પૂર્ણાહૂતિ થતા કથાવસ્તુને આધારે મનમાં કલ્પનાના તરંગો રચવા માંડે છે. "શોષ" (દક્ષા દામોદરા) ની નાયિકા માધવી અંતમાં ગાંડાની માફક વર્તતી રહી, મૂર્છિત થઈ કોમામાં સરી પડે તે ક્ષણે વાચક પછીના ઘટનાક્રમને મનમાં રચવા માંડે છે. પરિવેશને ધ્યાનમાં રાખી કથાવસ્તુની માંડણી થાય છે. પાત્રોની વિશેષતાની સાથે મર્યાદા દર્શાવી, સર્જક નવલકથાને સફળતાના શિખર સુધી લઈ જાય છે. પુરંદર એક ક્ષણે માધવીને કલાની દષ્ટિએ અન્યાય કરે તો બીજી ક્ષણે ખામીને સ્વીકારી પત્ની તરીકે અપનાવે છે. આમ, નવલકથાના ઘટકતત્વોને આધારે વિશેષતા-મર્યાદા દર્શાવવાનો ઉપક્રમ સેવ્યો છે.

----------×----------

રજૂકર્તા

ટાંક નિમુ એસ.

માર્ગદર્શક

પ્રા. ડૉ. ઋજુતા સી. ગાંધી

જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ

એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ,

અમરોલી, સુરત.

<u>સંદર્ભ ગ્રંથ સૂચિ</u>

૧. ત્રિવેદી હર્ષદ (સંપાદક), "શબ્દસૃષ્ટિ", દલિત સાહિત્ય વિશેષાંક, ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦ નવેમ્બર ૨૦૦૩, અંક-૧૧.

૨. ડૉ. ભટ્ટેસરિયા ડી.એમ., "બી. કેશરશિવમ, દલપત ચૌહાણ અને હરીશ મંગલમ્નું કથાસાહિત્ય", પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, પ્રથમ આવૃતિ-૨૦૧૧

૩. ચૌહાણ દલપત, "ભળભાખળું" હર્ષ પ્રકાશન, પહેલી આવૃતિ, ડીસેમ્બર-૨૦૦૪

૪. ડૉ. પ્રવિણ દરજી, "નવલકથા સ્વરૂપ", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૭, દ્વિતિય આવૃતિ-૧૯૯૭.

૫. દામોદરા દક્ષા "શોષ" રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃતિ, જુન-૨૦૦૩

૬. પરમાર મોહન, "પ્રિયતમા" ભાગ-૧, લોકપ્રિય પ્રકાશન, પ્રથમ આવૃતિ, જાન્યુઆરી-૧૯૯૫

૭. મંગલમ્ હરીશ અને પરમાર મોહન, "ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ-૧, પ્રથમ આવૃતિ-૨૦૦૧.